શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

સદ્વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

વર્ષ-૬ અંક-૧૨, ડિસેમ્બર - ૨૦૧૪
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦ /-

૦૧

વિતેલા વર્ષની આછેરી ઝલક

૨૦૧૪ સેવાપ્રવૃત્તિ વિષેશાંક

પધારો વડતાલધામ

પધારો વડતાલધામ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

આવો ભાવથી ઊજવીએ તીર્થધામ વડતાલના આંગણે...

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન આયોજીત

શ્રી હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ 3

શ્રી હરિકૃષ્ણ મહારાજ

:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી
રાકેશપ્રસાદજી મહારાજ

:: પ્રારંભ ::
તા. ૩૦-૦૧-૨૦૧૫,
શુક્રવાર
મહા સુદ ૧૧

:: પૂર્ણાહુતિ ::
તા. ૦૩-૦૨-૨૦૧૫,
મંગળવાર
મહા સુદ પૂનમ

:: આયોજક એવં નિમંત્રક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન વતી
પ.પૂ.સદ્. શ્રી ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજી - વડતાલ
પ.પૂ.સદ્. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી - વડતાલ - ચેરમેનશ્રી
પ.પૂ.સદ્. શા. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી, વડતાલ - મુખ્ય કોઠારીશ્રી

:: શુભ સ્થળ ::
ગોમતીજી કિનારે - વડતાલ, તા. નડિયાદ, જિ. ખેડા

સમગ્ર મહોત્સવનું લાઈવ પ્રસારણ

॥ સાધના ॥ સાધ્યાત્મિક સામાજિક ટી.વી. ચૈનલ

GTPL ભક્તિ

:: સંપર્ક સેતુ :: પ.પૂ. કો. શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી ફોન. નં. (૦૨૬૮) ૨૫૮૦૬૨૮, ૦૩૬૪૦૦૫૦૦૦ ✤ પૂ. શા. સંતવલ્લભદાસજી સ્વામી મો. ૦૦૨૫૨૦૬૫૦૨ ✤ પ.ભ. વસંતભાઈ સોની મો. ૦૮૬૦૨૦૫૦૪૪, પ.ભ. ભાવેશભાઈ પટેલ મો. ૦૯૬૦૫૪૦૬૫૮

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - દ્રોણેશ્વર આયોજિત

સંત નિવાસ તથા મારૂતિ ધામમાં
મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે

શ્રી સ્વામિનારાયણ મંદિર - ફાટસર
સુવર્ણ જયંતિ મહોત્સવ ઉપક્રમે

સર્વોપરી ભગવાન
શ્રી સ્વામિનારાયણ

પ.પૂ ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજ
શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પ્રારંભ : તા. ૨૦/૦૨/૨૦૧૫, ફાગણ સુદ - ૨, શુક્રવાર

પૂર્ણાહુતિ : તા. ૨૫/૦૨/૨૦૧૫, ફાગણ સુદ - ૭, બુધવાર

આશીર્વાદ : પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ
અધ્યક્ષ : પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
માર્ગદર્શક : પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

સ્થળ : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - દ્રોણેશ્વર

વિતેલા વર્ષની આછેરી ઝલક...

ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વજીવહિતાવહ સંદેશાઓ SGVP ના માધ્યમ દ્વારા આજે સર્વ દિશાઓમાં પ્રસાર-પ્રચાર પામ્યા છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે આરંભેલ મહાન સેવાકાર્ય ધાર્મિક તથા સામાજિક ક્ષેત્રે વિશાળ પાયા ઉપર વિસ્તાર પામ્યું છે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની નિશ્રામાં SGVP અનેક ક્ષેત્રે સેવાઓની હરણફાળ ભરી રહ્યું છે.

ગિરના ગામડાંઓની માંડી દેશ-વિદેશના વિદ્યાર્થીઓ ગુરુકુલમાં અભ્યાસની સાથે શારીરિક, માનસિક, આધ્યાત્મિક તેમજ સર્વાંગી વિકાસ સાધી રહ્યા છે.

આર્થિક સંકડામણના કારણે પોતાના સંતાનોને વિદ્યાભ્યાસ ન કરાવી શકનારા પરિવારોની દીકરીઓ સંસ્થા દ્વારા પ્રાપ્ત વિદ્યા સહાય દ્વારા ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત કરે છે.

પૂજ્ય સ્વામીજીના માર્ગદર્શન પ્રમાણે ગુરુકુલમાં ઉજવાતા અન્નકૂટોત્સવ, ફલકૂટોત્સવ જેવા ઉત્સવોને ભક્તિની સાથે સાથે દરીદ્રનારાયણની સેવાઓ પણ થાય તેઓ જૂદો જ ઓપ અપાયો છે.

વિદ્યાર્થીઓ શિયાળાની કડકડતી ઠંડીમાં ગરમ કપડાંઓ તથા ઉનાળાના ધગધગતા તાપમાં પગરખાઓ લઇ જરૂરિયાતમંદો સુધી પહોંચે છે.

અનેકવિધ સેવાપ્રવૃતિઓની સાથે સાથે ગુરુકુલમાં ભજન-ભક્તિનો પ્રવાહ પણ ગંગાપ્રવાહની માફક અંખડ વહી રહ્યો છે.

ગુરુકુલ દર્શનના આ અંક દ્વારા વર્ષ ૨૦૧૪ દરમિયાન થયેલી અનેકવિધ સેવાપ્રવૃત્તિઓ તથા વિવિધ ઉત્સવોની ઝાંખી થશે, તેવી આશા સાથે પ્રકાશિત કરી રહ્યા છીએ.

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ - ૬, ડિસેમ્બર-૨૦૧૪ અંક-૧૨

પ્રકાશક	:	પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	:	પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	:	શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	:	હરિકૃષ્ણ ગ્રાફિક્સ
વ્યવસ્થાપન	:	જગજીવનભાઈ પટેલ
તસ્વીર	:	જી. વિઝન
મુદ્રક	:	સૂર્યા ઓફસેટ

છુટક અંક	:	રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	:	રૂા. ૨૫૦/-
આજીવન લવાજમ(૨૫ વર્ષ)	:	રૂા. ૭૦૦/-
વિદેશમાં આજીવન લવાજમ	:	$ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

YouTube SwaminarayanGurukul
GurukulParivar

જાન્યુઆરી

અમદાવાદ ગુરુકુલમાં નિર્માણ પામેલ નૂતન વિદ્યાલય ભવનનું સદ્‌ગુરુ સંતોના હસ્તે ઉદ્‌ઘાટન

ગુરુકુલના ટ્રસ્ટી શ્રી નવિનભાઇ દવેના અમૃતપર્વ પ્રસંગે યોજાયેલ સત્સંગસભામાં સન્માન કરતા સદ્‌ગુરુ સંતો, લોનાવાલા

દર્શનમ્‌ના ઋષિકુમારો દ્વારા ગોપીનાથજી મહારાજનો પૂષ્પાભિષેક, ગઢપુર

SGVP ને આંગણે સદ્‌ગુરુ સંતોના સાનિધ્યમાં ઉજવાયું ગુરુકુલ પરિવાર સ્નેહમિલન

SGVPના વિદ્યાર્થીઓ દ્વારા ધનુર્માસ પ્રસંગે ધાબળા વિતરણ, અનાથાશ્રમમાં તથા હોસ્પિટલમાં દર્દીઓની સેવા વગેરે આયોજનો

ફાટસર ગામે નિર્માણ પામેલ નૂતન હોસ્પિટલનું સદ્‌ગુરુ સંતોના હસ્તે ઉદ્‌ઘાટન તથા શાકોત્સવ

આ ઉપરાંત પૂજ્ય સ્વામીજીના વક્તા સ્થાને સુરેન્દ્રનગરમાં પંચામૃત મહોત્સવ તથા અમદાવાદ ગુરુકુલ સત્સંગિજીવન કથા બાપુનગરમાં વ્યાખ્યાનમાળા, આયુર્વેદ વ્યાસપીઠ દ્વારા નેશનલ આયુષ વિવેક પરિષદ જેવા વિવિધ આયોજનો થયા.



અમદાવાદ ગુરુકુલની મુલાકાતે યોગગુરુ બાબા રામદેવજી મહારાજ

યુવક મહોત્સવમાં ઋષિકુમારોની ઝળહળતી સફળતા, સોમનાથ યુનિ.

પ્રાર્થના ભવનમાં બિરાજમાન ભગવાન શ્રીરામ, શ્રીશ્યામ તથા શ્રીઘનશ્યામ મહારાજનો પાટોત્સવ, SGVP

નૂતન ક્રિકેટ પેવેલીયનનું ખાતમૂહુર્ત, SGVP

સંતો દ્વારા પંચતીર્થીની યાત્રા, કચ્છ-ભુજ.

આ ઉપરાંત શિક્ષાપત્રી વક્તૃત્વ સ્પર્ધા, પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૨૬મી પૂન્યતિથિ, ઋષિકુમારોનો યાત્રા-પ્રવાસ. SGVP હોસ્ટેલના વિદ્યાર્થીઓનો યાત્રા-પ્રવાસ તથા સોમનાથ સં. યુનિ.ના પદવીદાન સમારોહમાં સંતો તથા ઋષિકુમારોએ વિવિધ મેડલો મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું હતું.

માર્ચ

ઇન્ટરનેશનલ યોગ ફેસ્ટિવલ, ઋષિકેશ

સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી દ્વારા પૂજ્ય સ્વામીજીને ડી.લીટની પદવી અર્પણ

હોલીસ્ટીક હેલ્થસેન્ટરનો શિલાન્યાસ સમારોહ, SGVP

પૂજ્ય પુરાણી સ્વામીના વ્યાસાસને સત્સંગિજીવન કથા, રાજકોટ



પુષ્પદોલોત્સવ, ગુરુકુલ અમદાવાદ

આ ઉપરાંત SGVP ઇન્ટરનેશનલ સ્કુલ તથા અમદાવાદ ગુરુકુલના વિદ્યાર્થીઓનો સમાવર્તન સંસ્કાર સમારોહ, મહાશિવરાત્રિ મહોત્સવ તથા દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારોએ નેશનલ લેવલે બે ગોલ્ડ મેડલ મેળવ્યા.

શિસલ્સ યાત્રા દરમિયાન ધર્માચાર્યો દ્વારા
પૂજ્ય સ્વામીજીનું સન્માન

રામવનમી મહોત્સવ, અમદાવાદ ગુરુકુલ

પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા વજુભાઇવાળાની ઉપસ્થિતિમાં GPL- 4 નો ઓપનીંગ સમારોહ

પૂજ્ય સ્વામીજીના વ્યાસાસને
શ્રીમદ્ સત્સંગિજીવન કથા, મુબંઇ

દર્શનમ્‌ના ઋષિકુમારો તથા
સંતો દ્વારા કૃતજ્ઞતા પર્વ.

મે

પૂજ્ય સ્વામીના સાનિધ્યમાં નાઇરોબી ખાતે
જૈન પરિવાર દ્વારા ભાવવંદના કાર્યક્રમ

SGVP ખાતે વેકેશનમાં બાલ શિબિર યોજાઇ,
જેમાં ૫૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય સ્વામીના વ્યાસાસને
શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ, ફાટસર



અમેરિકાના વિવિધ રાજ્યો તથા નાસાની મુલાકાતે
SGVP ના વિદ્યાર્થીઓ.



પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં ફૂલદોલોત્સવ, વાશી-મુંબઇ

ગોપીનાથ યુવક મંડળ દ્વારા અમદાવાદથી ગઢપુરની પદયાત્રા

આ ઉપરાંત પૂજ્ય પુરાણી સ્વામીના સાનિધ્યમાં મહાવિષ્ણુયાગ - ફાટસર, શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ - પનવેલ, તથા પૂજ્ય સ્વામીજી તથા સંતમંડળનું આફ્રિકાના વિવિધ દેશોમાં સત્સંગ વિચરણ થયું.

અમદાવાદ ગુરુકુલમાં ૭૦૦૦ કીલો કેરીનો ભવ્ય આમ્રકૂટોત્સવ તથા એ પ્રસાદીની કેરીઓનું ગરીબો તથા વૃદ્ધાશ્રમમાં સંતો તથા વિદ્યાર્થીઓ દ્વારા વિતરણ

પૂજ્ય સ્વામીજી તથા સંતોની આફ્રિકાના વિવિધ દેશોમાં સત્સંગ યાત્રા

SGVP માં અભ્યાસ કરતા સંતો માટે નૂતન 'નિત્યાનંદ સંતનિવાસ'નું ઉદ્ઘાટન

નૂતન પેવેલીયનનું ઉદ્ઘાટનમાં ઉપસ્થિત પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, વિશ્રામભાઇ પટેલ, સબા કરીમ, ચેતન શર્મા વગેરે મહાનુભાવો

આ ઉપરાંત ઉનાળાની કાળઝાણ ગરમીમાં પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી સંતો, હરિભક્તો તથા વિદ્યાર્થીઓ દ્વારા જરુરીયાંમદોને ચંપલ વિતરણ કરવામાં આવ્યું હતું.

ગુરુકુલમાં નૂતન પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓને વર્તમાન ધારણ.

ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે વ્યાસ પૂજન.

પૂજ્ય સ્વામીજી તથા સદ્‌ગુરુ સંતોના સાનિધ્યમાં ઉજવાયો ગુરુપૂર્ણિમા મહોત્સવ, SGVP

અમદાવાદ ગુરુકુલ ખાતે યોજાયો ભવ્ય રથયાત્રા મહોત્સવ, યાત્રા પૂર્ણ થતા યુવાનો દ્વારા રસ્તાની સફાઇ થઇ

જન્માષ્ટમી મહોત્સવ, અમદાવાદ ગુરુકુલ

જ્ઞાનસત્ર-૩૮, અમદાવાદ ગુરુકુલ

શ્રીમદ્ ભગવદ્ગીતા કથા, લંડન

હિન્દુ લાઇફ સ્ટાઇલ સેમિનાર, લંડન

વોટર બ્લેસીંગ સેરેમની, લંડન

SGVP ની મુલાકાતે ગુજરાતના રાજ્યપાલશ્રી

કાશ્મિર સહાયમાં મોકલેલ ફૂડ પેકેટસ્‌ની તૈયારી

જળઝીલણી મહોત્સવ, દ્રોણેશ્વર ગુરુકુલ

એકન યુનિવર્સિટીના પદાધીકારીઓ સાથે પૂજ્ય સ્વામીજી, અમેરિકા

પૂજ્ય સ્વામીજી તથા સંતોનું અમેરિકાના વિવિધ રાજ્યોમાં સત્સંગ વિચરણ

સ્નેહ મિલન, દ્રોણેશ્વર ગુરુકુલ

ગુરુકુલ દ્વારા સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ.

ગુરુકુલની મુલાકાતે મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ

SGVP ટ્રોફી-૪ ની પૂર્ણાહુતિ.

ભવ્યાતિભવ્ય શરદોત્સવ, SGVP

વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા સંતો તથા ઋષિકુમારો

જીવો ગીતા સમારોહ ભગવાન શ્રીકૃષ્ણની પરાવાણી સ્વરુપ શ્રીમદ્ ભગવદ્ગીતાના ૫૧૫૧ વર્ષ પૂર્ણ થતા વૃંદાવનના મહામંડલેશ્વર જ્ઞાનાનંદજી મહારાજ (ગીતા મનિષી) દ્વારા ઐતિહાસિક લાલકીલ્લા-દીલ્હીમાં 'જીવો ગીતા' સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં હીન્દુ, મુસ્લીમ, શીખ, ખ્રિસ્તી, જૈન, બૌધ વગેરે અનેક ધર્મોના ધર્માચાર્યો તથા અનેક રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ પ્રાસંગીક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે 'આપણા હાથમાં ગીતાજીનો કર્મયોગ, મસ્તકમાં જ્ઞાનયોગ અને હૃદયમાં ભક્તિયોગ વણાવો જોઈએ.'

આદર્શ ગામ ઘોષણા સમારોહ ભારત સરકાર દ્વારા ચાલી રહેલ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાના રાણપરડા ગામને શ્રી વલ્લભભાઈ સવાણી પરિવાર દ્વારા દત્તક લેવામાં આવ્યું છે. તેના ઘોષણા સમારોહમાં પૂજ્ય સ્વામીજીએ ઉપસ્થિત રહી વિવિધ સુવિધાઓથી યુક્ત ગામની સાથે સાથે સદાચારી અને નિર્વ્યસની લોકો તૈયાર થાય તેવી શુભેચ્છા પાઠવી હતી તથા સવાણી પરિવારના વલ્લભભાઈ, મહેશભાઈ, રાજુભાઈ વગેરેને સમાજની અનેકવિધ સેવાઓ બદલ શુભાશિર્વાદ પાઠવ્યા હતા.

SGVPની મુલાકાતે મહાનુભાવો શ્રી મહર્ષિ મહેશયોગી દ્વારા સંસ્થાપિત ફાઉન્ડેશન ઓફ વૈદિક સ્પેનના અધ્યક્ષ ડૉ. કીંગ લૂઇ તથા વેદ વિદ્યા પ્રતિષ્ઠાનમ્ વેસ્ટ ઈન્ડીઝના અધ્યક્ષ પૂજ્ય બ્રહ્મદેવજી મહારાજ SGVP ની મુલાકાતે પધારતા પૂજ્ય સ્વામીજીએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ઋષિકુમારોએ કરેલા વૈદિક મંત્રગાન સાંભળી સર્વ મહાનુભાવો અત્યંત પ્રસન્ન થયા હતા. સ્પેનના કીંગ ડૉ. લૂઇએ આ પ્રસંગે વેદના વૈજ્ઞાનિક રહસ્યો વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. સ્વામી બ્રહ્મદેવજી છેલ્લા ૪૪ વર્ષથી વેસ્ટ ઈન્ડીઝમાં હીન્દુ ધર્મનો પ્રચાર કરી રહ્યા છે. પ્રસંગે મહામંડલેશ્વર સ્વામી વિશ્વેશ્વરાનંદજી મહારાજ તથા પૂજ્ય પરમાત્માનંદજી મહારાજ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાર્થના સભા :- લોકભારતી કોલેજ, સણોસરા

સણોસરા ખાતે ચાલતી લોકભારતી કોલેજમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂજ્ય સ્વામીજીએ પધારી વિદ્યાર્થીઓ સાથે ભારતીય સંસ્કૃતિ તેમજ વેદ અને વિજ્ઞાન વિશે ચર્ચા કરી હતી. આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ શ્રી અરુણભાઈ દવેએ પૂજ્ય સ્વામીજીનું સ્વાગત કરી પ્રાસંગીક ઉદ્બોધન કર્યું હતું.

SGVP કાર્નિવલ ૨૦૧૪

SGVP ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી જિજ્ઞાસા વૃત્તિ જાગૃત થાય તથા સુષુપ્ત શક્તિઓ ખીલી ઉઠે તેવા શુભ હેતુથી તા.૧૮ થી ૨૧ ડીસેમ્બર દરમિયાન FOOTPRINTS : A journey towards success કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના હસ્તે યોજાયેલ ઉદ્‌ઘાટન સમારોહમાં બાળકોએ વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા. વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું પૂજ્ય સ્વામીજીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્નિવલમાં કાવ્યગાન, વાર્તા કથન, સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્રદર્શન, વિવિધ રમતો, ફ્રિ મેડિકલ કેમ્પ, ફ્રિ આઈ કેમ્પ, ફન રાઈડ, ફૂડ કોર્ટ વગેરે આયોજનો કરવામાં આવ્યા હતા.

સ્મૃતિ મહોત્સવ :- રાજકોટ

પરમ પૂજ્ય કોઠારી સ્વામી શ્રી હરિજીવનદાસજી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂપેન્દ્ર રોડ, રાજકોટ ખાતે સ્મૃતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના વ્યાસાસને શ્રી સ્વામિનારાયણ ચરિત્રામૃતમ્ પંચદિનાત્મક કથાપારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. કથામાં પૂજ્ય પુરાણી સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવનકારી ચરિત્રોનું ગાન કરી સહુ ભક્તોને પ્રસન્ન કર્યા હતા. આ પ્રસંગે દેવોનો અભિષેક, સમુહ મહાપૂજા, શ્રીહરિ યાગ જેવા વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ઘનશ્યામ જન્મોત્સની કથા કરી સહુને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા તથા ધામધામથી સંતોએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ સમગ્ર મહોત્સવમાં મુખ્ય યજમાન તરીકે રહેલા પ.ભ. શ્રી ધીરુભાઈ માધાભાઈ વઘાસિયા, યોગેશભાઈ વઘાસિયા તથા સમસ્ત વઘાસિયા પરિવારને પૂજ્ય પુરાણી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ કથાનું તમામ આયોજન મંદિરના કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી તથા સંતોએ કર્યું હતું.

SGVP દ્વારા ચાલતી વિવિધ સેવાપ્રવૃતિઓ

વિદ્યા સહાય :-

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ગુરુકુલની સ્થાપ કરી, ત્યારથી માંડી આજ પર્યંત અનેક વિદ્યાર્થીઓએ ગુરુકલમાં રહી સંસ્કારો મેળવ્યા છે અને હાલ મેળવી રહ્યા છે. નબળી આર્થિક પરિસ્થિતિને કારણે વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચીત ન રહે એટલા માટે અમદાવાદ ગુરુકુલમાં ૩૬૫ રૂપિયા લવાજમથી અભ્યાસ કરી રહ્યા છે.

ભારતીય સંસ્કૃતિની આધાર સમાન સંસ્કૃત ભાષાના પ્રચાર-પસાર અને સંરક્ષણ માટે દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં ઋષિકુમારો વિનામૂલ્યે અભ્યાસ કરી રહ્યા છે. સંપ્રદાયના નવયુવાન સંતો સંકૃતના અભ્યાસ સાથે જીવન ઘડતરના પાઠો શીખી રહ્યા છે. આ ઉપરાંત આર્થિક સંકડામણના કારણે પોતાના સંતાનોને વિદ્યાભ્યાસ ન કરાવી શકનારા પરિવારોની દીકરીઓ સંસ્થા દ્વારા પ્રાપ્ત વિદ્યા સહાય દ્વારા ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત કરે છે. ગુરુકુલમાં રહી વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વિગત નિચે પ્રમાણે છે.

- SGVP ઈન્ટરનેશનલ સ્કુલ : કુલ ૧૦૬૦ વિદ્યાર્થીઓ, છાત્રાલયમાં ૩૫૦, એન.આર.આઈ. ૫૦
- નિરમા કોલેજના વિદ્યાર્થીઓ : ૨૫૦
- દર્શમન્ સંસ્કૃત મહાવિદ્યાલય : ૧૬૦ ઋષિકુમારો તથા ૩૫ સંતો અભ્યાસ કરે છે.
- અમદાવાદ ગુરુકુલ : સકુલના ૩૨૦ તથા કોલેજના ૧૨૦ એમ કુલ ૪૪૦ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહી સંસ્કાર મેળવે છે.

મેડિકલ સહાય

- દર વર્ષે પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પુણ્યતિથી તથા જ્ઞાનસત્ર નિમિત્તે મોટી સંખ્યામાં રક્તદાન કેમ્પ થાય છે.
- ગ્રામ્ય વિસ્તારમાં યોજાએલ કથા-પારાયણ તથા ઉત્સવ સમૈયાના પ્રસંગે પણ રક્તદાન કેમ્પ થતાં જ રહે છે.
- છેલ્લા ત્રણ વર્ષથી ગ્રામ્ય વિસ્તારમાં વસતા લોકો માટે યુરોલોજીકલ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં જરૂરીયાતમંદને નિદાન, ઓપરેશન, દવાઓ તથા યોગ્ય સારવાર પણ પૂરી પાડવામાં આવે છે.
- 'અમૃતારોગ્યમ્' આયુર્વેદ વિભાગ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં નિદાન તથા સારવાર કેમ્પ થતાં જ રહે છે, જેમાં લાભ લેનારા દર્દીઓને સારવાર તથા ઔષધ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- શ્રી ધર્મજીવન હોસ્પીટલ - રાજકોટ દ્વારા વિવિધ વિસ્તારોમાં 'ચક્ષુ નિદાન કેમ્પ' કરવામાં આવે છે, જેમાં જરૂરીયાત જણાતા દર્દીઓને રાજકોટ હોસ્પીટલમાં લાવીને વિના મૂલ્યે ઓપરેશન તથા અન્ય સારવાર પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત હોસ્પિટલ દ્વારા દાંતના ઓપરેશન, એક્સ રે, સોનોગ્રાફી, વિવિધ લેબોરેટરી ટેસ્ટ, ફીઝીયો થેરાપી વગેરે સેવાઓ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૪ દરમિયાન કુલ ૧૨૦૫૦૦ જેટલા દર્દીઓએ દરેક વિભાગોમાં સારવારનો લાભ લીધો હતો.

સત્સંગ સભાઓ

ગુરુકુલની પાવન ભૂમિમાં સવાર-સાંજ સતત કથાવાર્તાનો અખાડો શરુ રહે છે. વિદ્યાર્થીઓ તથા ભક્તજનો કથાવાર્તાનો લાભ લઈ રુડા સદ્‌ગુણો પ્રાપ્ત કરે છે. ગુરુકુલમાં થતી નિત્યસભાની સાથે સાથે ગોપીનાથ યુવક મંડળની સભા, બાળમંડળની સભા, કીશોર-કશોરી મંડળોની સભાઓ ઉપરાંત અમદાવાદના વિવિધ વિસ્તારો તથા રાજકોટ, સુરત, મુબંઈ, જૂનાગઢ, અંકલેશ્વર જેવા શહેરોમાં માસિક સભાઓમાં સંતો પધારી કથાવાર્તાનો લાભ આપે છે.

સત્સંગ સભાની યાદી

- પહેલો બુધવાર : કિશોર મંડળ સત્સંગ સભા - મેમનગર
- પહેલો શનિવાર : સત્સંગ સભા - બાપુનગર
- પહેલો રવિવાર : સુહૃદસભા, છારોડી ગુરુકુલ
- બીજો શનિવાર : સત્સંગ સભા - સુરત
- ત્રીજો બુધવાર : કિશોર મંડળ સત્સંગ સભા-બાપુનગર
- ત્રીજો શનિવાર : સત્સંગ સભા - બાપુનગર
- ચોથો શનિવાર : સત્સંગ સભા - બોપલ
- ચોથો રવિવાર : સત્સંગ સભા - રાજકોટ
- ચોથો સોમવાર : સત્સંગ સભા - જૂનાગઢ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-મેમનગર, અમદાવાદ મુકામે ચાલતી સત્સંગ સભા

- વચનામૃત સત્સંગ સભા — દર રવિવારે સાંજે ૬:૦૦ કલાકે
- બાલ સત્સંગ સભા — દર રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે
- બાલિકા સત્સંગ સભા — દર રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે
- ગોપીનાથ યુવક મંડળ — દર શુક્રવારે રાત્રે ૯:૦૦ કલાકે
- કિશોર સત્સંગ મંડળ — દર મહિનાના પહેલા બુધવારે, રાત્રે ૯:૦૦ કલાકે

સ્વચ્છતા અભિયાન : ૩૮ મા જ્ઞાનસત્ર દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ગુરુકુલ પરિવાર દ્વારા સ્વચ્છતા અભિયાન ચાલું કરવાની જાહેરત કરી હતી. આ જાહેરાતને વધાવતા ૨, ઓક્ટોબર ગાંધી જયંતિના રોજ ગુરુકુલ પરિવારના ૨૦૦ જેટલા યુવાનો તથા સંતોએ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના માગદર્શન પ્રમાણે અમદાવાદ ગુરુકુલના આજુબાજુના વિસ્તારોની સફાઈ કરી સ્વચ્છતા અભિયાનની શરુઆત કરી હતી. ત્યાર બાદ આ સ્વચ્છતા અભિયાનમાં ગામડાંઓ પણ જોડાય તેવા શુભ હેતુથી પૂજ્ય સ્વામીજીએ ગીર વિસ્તારના દુધાળા ગામને સ્વચ્છ કરી સ્વચ્છતા અભિયાનને શરુ કર્યું. સ્વામીજીની અપીલને ઉત્સાહભેર વધાવીને અનેક ગામો આ અભિયાનમાં જોડાયા છે. સંસ્થા દ્વારા એક વર્ષમાં ૧૦૮ ગામાને આ સ્વચ્છતા અભિયાનમાં જોડવામાં આવશે.

સાહિત્ય પ્રકાશન

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંદેશાઓ તથા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનારુ ઉત્તમ સાહિત્ય SGVP દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે. આબાલવૃદ્ધ સહુ કોઈના જીવનનું ઘડતર કરનારું તથા સાંપ્રદાયિક સાહિત્ય નવા જ ઓપ સાથે સંસ્થા દ્વારા પ્રકાશિત થાય છે. અત્યાર સુધી પ્રકાશિત થયેલ સહિત્યની યાદી નીચે પ્રમાણે છે.

- વચનામૃત (ત્રણ સાઈઝમાં)
- સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતો
- ભક્તચિંતામણિ
- કીર્તનાવલી
- મહાપૂજા
- શિક્ષાપત્રી (અંગ્રેજી)
- શિક્ષાપત્રી (ગુજરાતી)

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી દ્વારા લખાયેલ પુસ્તકો

- ઈઝરાયેલની ધર્મયાત્રા
- કીર્તનની કુંજગલી
- જોગી ચલો આપણે ગામ
- પુલહાશ્રમની પાવનયાત્રા
- હનુમંત ચરીત્ર
- સદ્‌ગુરુ ગાથા (ભાગ-૧,૨)
- જોગીસ્વામીની જીવનગાથા (ગુજરાતી)
- જોગીસ્વામીની જીવનગાથા (અંગ્રેજી)
- સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનોનું સ્થાન
- ભગવાન શ્રી સ્વામિનારાયણના નંદ સંતકવિઓ

પરમ પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી દ્વારા લખાયેલ પુસ્તકો

- અમૃતકુંભ
- સત્સંગ સંસ્કાર સિંચન
- વચનામૃત સાર સંગ્રહ
- સહસ્ત્ર સુત્રાવલી
- સહસ્ત્ર સુપદ્યાવલી
- વિણેલા મોતી ભાગ-૧,૨
- અમૃત રસાયણ

પરમ પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરુપદાસજી સ્વામી દ્વારા વ્યાખ્યાયીત પુસ્તકો

- અન્ન તેવું મન
- વ્યસન મુક્તિ
- જીવન શા માટે ?
- મૃત્યુ ચિંતન
- સહજાનંદસ્વામી એટલે શું ?
- પંચવર્તમાન
- મારી પાસે સમય નથી ?
- ઉપાસાનાનું અમૃત
- ભજ ગોવિંદમ્ (ભાગ-૧-૨-૩)
- નિત્ય પૂજા
- જીવન શીલ્પ
- જીવન સંગીત
- શું આપણે ધાર્મિક છીએ ?

અન્ય પુસ્તકો

- માધવપ્રિયસ્વામી એક મુલાકાત(અંગેજી)
- માધવપ્રિયસ્વામી એક મુલાકાત(ગુજરાતી)
- નારી રત્નો (ભાગ ૧-૨)
- સદ્‌ગુરુ વૈભવ
- વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીના પ્રશ્નો
- ભાગવત્ સ્તુતિ સંગ્રહ
- નિત્ય પ્રાર્થના
- પંચસ્રોતમ્
- નિત્યવિધિ
- આધ્યાત્મિકતા દ્વારા એકતા અને સમરસતા

સાહિત્ય પ્રકાશનમાં પુસ્તકો ઉપરાંત પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરુપદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોના મુખે ગવાયેલી કથાવાર્તાની DVD તથા MP3 પણ પ્રકાશિત થતી રહે છે. જેમના શ્રવણથી આપના જીવનમાં અવશ્ય પરિવર્તન આવશે.

ગુરુકુલ ગૌરવ

મૂળ બળદીયા (કચ્છ) તથા હાલ નાઇરોબી નિવાસી આદરણીય શ્રી રામજી દેવશી ધનજી વેકરીયાને યુનાઇટેડ ગ્રેજ્યુએટ કોલેજ એન્ડ સેમીનરી ઈન્ટરનેશનલ (યુ.એસ.એ.) દ્વારા ડૉક્ટરેટની પદવી અર્પણ કરવામાં આવી છે. નાઇરોબી ખાતે યોજાયેલ એક ફક્શનમાં યુ.જી.સી. એન્ડ એસ. ઈન્ટરનેશનલના ચીફ ચાન્સેલરની ઉપસ્થિતિમાં શ્રી રામજીભાઈ વેકરીયાને માનદ ડૉક્ટરેટની પદવી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી કચ્છ લેવા પટેલ સમાજમાં આ રીતે ડૉક્ટરેટની પદવી મેળવનાર રામજીભાઈ વિરલ વ્યક્તિ છે. ગુરુકુલ પરંપરાના સંસ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી તથા કચ્છના તેમજ અન્ય અનેક મહાન સંતોનો અનેરો રાજીપો રામજીભાઈએ મેળવ્યો છે. તેઓશ્રી કચ્છી લેવા પટેલ સમાજ- નાઇરોબી તથા અબજીબાપાની છતરીના પ્રમુખ તરીકે તેમજ શ્રી પૂર્વ આફ્રિકા સ્વામિનારાયણ સત્સંગ મંદિરના ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી રહ્યા છે. લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ દ્વારા તેમણે અનેક દેશોમાં સ્કુલો તથા હોસ્પીટલોના નિર્માણમાં ખૂબ મોટી સેવાઓ કરી માનવસેવાનું એજોડ કાર્ય કર્યું છે. રામજીભાઈના પિતાશ્રી દેવશી ધનજી વેકરીયા પણ સત્સંગ અને સમાજના સ્તંભ સમાન રહ્યા હતા. આ પ્રસંગે તેઓશ્રીને પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સંતોએ હાર્દિક શુભકામના સાથે શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રદ્ધા સુમન



પરમ ભગવદીય પ્રોફેસર શ્રી શંકરભાઇ ઇશ્વરભાઇ પટેલ :- શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંનિષ્ઠ સેવક તેમજ સામાજિક, રામજકીય અને ધાર્મિક સેવાઓમાં સદાય તત્પર રહેનારા પ્રોફેસર શંકરભાઇ પટેલ તારીખ ૧૦ ડીસેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. મૂળ ઉનાવાના વતની અને વર્ષોથી અમદાવાદમાં રહી એલ.ડી. આર્ટ્સ કોલેજમાં સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે સેવાઓ બજાવતા રહ્યા. અમદાવાદ ગુરુકુલના પ્રારંભથી જ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીની સાથે રહીને સેવાઓ કરી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો ખૂબ જ રાજીપો મેળવ્યો હતો. એક શૂરવીર સામાજિક કાર્યકર તરીકે તેઓશ્રી ઇ.સ. ૧૯૮૫-૮૬માં અનામત વિરોધી આંદોલનમાં વાલી મંડળના પ્રમુખ તરીકે રહ્યા હતા અને આ આંદોલનના પ્રણેતા તરીકે સમગ્ર ગુજરાત તથા ભારતમાં શંકરભાઈની નોંધ લેવાઈ હતી. અમદાવાદ ગુરુકુલ તથા **SGVP** માં પૂજ્ય સ્વામીજીના માર્ગદર્શન પ્રમાણે શૈક્ષણિક વિભાગમાં મહત્ત્વની સેવાઓ વર્ષો સુધી આપી તેઓશ્રીએ સંતો તથા શ્રીહરિનો રાજીપો મેળવ્યો હતો. શંકરભાઇના અક્ષરવાસથી એક સંનિષ્ઠ સમાજ સેવક તથા શૂરવીર ભક્તની સારાએ સમાજને ખોટ્ય પડી છે. ગુરુકુલ પરિવાર એક આધારસ્તંભ ગુમાવ્યાની લાગણી અનુભવે છે. અમદાવાદ ગુરુકુલ ખાતે યોજાયેલી શ્રદ્ધાંજલી સભામાં સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનોએ શંકરભાઈને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા તથા ભગવાન શ્રીહરિ તેમના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા તેમના સુપુત્રો રાજુભાઇ, જીજ્ઞેશભાઇ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના કરી હતી.

આગામી આયોજન

તા. ૧/૧/૧૫, ગુરુવાર : પુત્રદા એકાદશી : કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ

તા. ૪ /૧/૧૫, રવિવાર : સુહૃદ સભા : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી, સાંજે ૫:૩૦ કલાકે.

તા. ૪/૧/૧૫, રવિવાર : સ્વચ્છતા અભિયાન : સંતો તથા ભક્તજનો દ્વારા સાબરમતી રીવરફ્રન્ટ તથા વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન, સ્વારે ૮:૦૦ થી ૧૦:૦૦

તા. ૫ /૧/૧૫,સોમવાર : વર્શીપ ફોર વોશ : વિવિધ ધર્મોના ધર્માચાર્યોની ઉપસ્થિતિમાં સાબરમતી તટે ભવ્ય કાર્યક્રમ, સ્થળ : સાબરમતી રીવરફ્રન્ટ, અમદાવાદ. સાંજે ૪:૩૦ થી ૭:૦૦

તા. ૧૪/૧/૧૫, બુધવાર : ધનુર્માસ સમાપ્ત: મેમનગર ગુરુકુલમાં સવારે મકર સંક્રાંતિ નિમિત્તે ગૌપૂજન તથા ધનુર્માસ કથા પૂર્ણાહુતિ.

તા. ૧૬/૧/૧૫, શુક્વાર : ષટ્તિલા એકાદશી : કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ

તા. ૨૪/૧/૧૫, શનિવાર : વસંત પંચમી, શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ તથા શાકોત્સવ
સવારે ૭:૦૦ કલાકે અભિષેક, ૧૦:૦૦ કલાકે અન્નકૂટ દર્શન તથા શાકોત્સવ સભા, છારોડી ગુરુકુલ.

તા. ૨૬/૧/૧૫, સોમવાર :પ્રજાસંત્તાક દિન: ધ્વજવંદન કાર્યક્રમ, સવારે ૮:૦૦ કલાકે, છારોડી ગુરુકુલ

તા. ૨૮/૧/૧૫, બુધવાર : શ્રીહરિ જયંતિ: શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે

તા. ૩૦/૧/૧૫, શુક્વાર : જયા એકાદશી : કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ

૧.૨. અમદાવાદ ગુરુકુલમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિષેક દર્શન તથા શ્રી ઘનશ્યામ મહારાજને ધરાવેલ અન્નકૂટની પ્રસાદીનું ગરીબોને વિતરણ કરતા વિદ્યાર્થીઓ

૩.૪. સારંગપુર ધામખાતે યોજાયેલ પરમહંસ ચિંતન સેમિનારમાં ઉપસ્થિત પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા સંતો

સ્મૃતિ મહોત્સવમાં કથાવાર્તાનો લાભ આપતા પૂજ્ય પુરાણી સ્વામી તથા ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો તેમજ યજમાનશ્રીઓ, રાજકોટ મંદિર

SGVP ની મુલાકાતે પધારેલા સ્પેનના કીંગ લૂઈ, બ્રહ્મદેવજી મહારાજ-વેસ્ટ ઇન્ડીઝ તથા અન્ય સંતો

'GURUKUL DARSHAN' RNI NO. GUJGUJ/2009/28937 Date of publication is 25th of every month and Permitted to post at A'bad, PSO on 25th of every month. Registered under NO.GAMC-1468/2013-2015.valid up to 31-12-2015 issued by SSP A'bad-9.
Licence to post without prepayment NO.CPMG/GJ/112/2014 valid up to 31-12-2015.

ગ્લોબલ ઇન્ટરફેઇથ વોશ એલાયન્સ તથા યુનિસેફ દ્વારા આયોજિત 'વરશીપ ફોર વોશ' ફક્શનમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, પૂજ્ય મુનિજી, અન્ય ધર્માચાર્યો તથા મહાનુભાવો, ઋષિકેશ

દિલ્હી ખાતે આયોજિત વલ્ડ હિન્દુ કોગ્રેસ સબમિટમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી સાથે મોહન ભાગવતજી, પરમાચાર્ય સદાશિવનાથજી- હવાઇ તથા પરમાત્માનંદજી મહારાજ-રાજકોટ.

સંત ચિંતન બેઠકમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા અન્ય ધર્માચાર્યો, વૃન્દાવન

સમાજ સેવક વસંતભાઇ ગજેરાનું સન્માન કરતા પૂજ્ય સ્વામીજી તથા અન્ય સંતો, અમરેલી